# ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ

"રાજીવ ગાંધી ભવન" સંસ્કાર કેન્દ્ર માર્ગ, વી.એસ. હોસ્પિટલ પાસે, એલીસબ્રીજ, અમદાવાદ – ૩૮૦૦૦૬

ફોન : ૦૭૯-૨૬૫૭૮૨૧૨-૨૧૩, ૨૬૫૭૮૧૬૧, ૨૬૫૭૮૩૧૧ ફેક્સ : ૦૭૯-૨૬૫૭૯૫૮૯

Web : www.incgujarat.com E-mail : gpcc1234@gmail.com


**અખબારી યાદી** **તા. ૦૬.૦૮.૨૦૨૬**

- **ધંધુકા-વલ્લભીપુર સિંચાઈ કૌભાંડ: ૪૦૦ કરોડના જાહેર નાણાંની સુનિયોજિત લૂંટનું વધુ એક કૌભાંડ આચરતી ભાજપ સરકાર**
- **નબળી GRP પાઈપો, અધૂરું કામ, નકલી સર્ટિફિકેટ અને ખેડૂતોની આશા પર પાણી ફેરવાયું : ઓડીટ અહેવાલમાં ખૂલ્લી પોલ**
- **સિંચાઈ, નર્મદા સહિતના વિભાગોમાં નિવૃત અધિકારીઓની કરાર આધારિત નિમણુંકોથી કોન્ટ્રાક્ટરોને ઘી-કેળા : કમલમ કમીશન અને કૌભાંડની ભ્રષ્ટાચારી વ્યવસ્થા સાચવવા થઈ રહી છે વિશેષ નિમણુંકો**

ધંધુકા વિસ્તારના ૩૨ ગામોની આશરે ૩૦,૦૦૦ હેક્ટર જમીનને સિંચાઈનો લાભ આપવા સરદાર સરોવર નર્મદા નિગમ (SSNNL) દ્વારા હાથ ધરાયેલ વલ્લભીપુર બ્રાન્ચ કેનાલ અને ભૂગર્ભ પાઈપલાઈનના કામમાં મોટું કૌભાંડ ઉઘાડું પડ્યું છે. આ કામમાં નબળી ગુણવત્તાની GRP પાઈપોનો ઉપયોગ, અધૂરી કામગીરી અને જાહેર નાણાંની સુનિયોજિત લૂંટનું વધુ એક કૌભાંડ આચરતી ભાજપ સરકારની પોલ ઓડીટ અહેવાલમાં ખુલ્લી પડી છે ત્યારે રાજ્યના મુખ્યમંત્રી અને વિજીલન્સ કમિશનમાં લેખિત ફરિયાદ કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડિયા કન્વીનર અને પ્રવક્તા ડૉ. મનીષ દોશીએ જણાવ્યું હતું કે મહાલેખાકાર (CAG)ના ઓડિટ રિપોર્ટમાં સ્પષ્ટ ઉલ્લેખ છે કે ૨૪૮ KPA ક્ષમતાની પાઈપોને બદલે માત્ર ૧૨૪ KPAની નબળી પાઈપો વપરાઈ. આથી ૪૭.૭૭ કરોડનું ગેરકાયદે ચૂકવણું થયું અને વપરાશમાં ન લેવાયેલી પાઈપો પેટે વધુ ૫૦.૩૩ લાખ ચૂકવી દેવાયા. અધૂરું કામ છતાં કમ્પ્લીશન સર્ટિફિકેટ આપી દેવાયું. આ સીધું જ જાહેર ખજાનાની લૂંટ છે. ટેન્ડરની સ્પષ્ટ શરત મુજબ ૧૬૦૦ મિમી.થી વધુ વ્યાસની પાઈપો માટે ૨૪૮ KPA stiffness જરૂરી હતી, છતાં ૧૨૪ KPAની નબળી પાઈપો ખરીદી, નાખી અને ચૂકવવામાં આવી. વારંવારની સૂચનાઓ અને સ્થળ મુલાકાતો છતાં હલકી ગુણવત્તાની પાઈપોનો ઉપયોગ અને ચુકવણું ચાલુ રહ્યું. કુલ ૧૪,૨૨૮ મીટર GRP પાઈપ માટે ૪૭.૭૭ કરોડ ચૂકવાયા, જેમાં નોંધો પછીના ૧૫.૨૭ કરોડનો સમાવેશ છે. ૩૬૦ મીટર પાઈપ ન તો નાખવામાં આવી, ન તો વિભાગમાં જમા થઈ છતાં ૫૦.૩૩ લાખ ચૂકવાયા. માત્ર ૬૮% કામ પૂરું થયું હોવા છતાં ૧૫ જૂન ૨૦૨૨ના રોજ કામ પૂર્ણ થયાનું સર્ટીફીકેટ આપી દેવાયું અને ૨૫.૩૪ કરોડનું કામ અધૂરું છોડી દેવાયું. વલ્લભીપુર બ્રાન્ચ કેનાલના અન્ય સાત યુજીપીએલ પેકેજોમાં પણ સમાન ગેરરીતી જોવા મળી છે. આ કૌભાંડથી ધંધુકા વિસ્તારના હજારો ખેડૂતોની આશા તૂટી છે. વરસાદ આધારિત ખેતી કરતા આ ખેડૂતોને પાણી પહોંચાડવાની જગ્યાએ નબળી પાઈપો અને અધૂરા કામથી તેમની જમીનોમાં પાણી ભરાવાની અને પાણી ન પહોંચવાની ફરિયાદો ઉભી થઈ છે. આ માત્ર ભ્રષ્ટાચાર નથી. આ ખેડૂતો સાથેનો વિશ્વાસઘાત છે. ગુજરાતના ખેડૂતોની જીવિકા સાથે રમત રમાઈ રહી છે.

સિંચાઈ, નર્મદા સહિતના વિભાગોમાં નિવૃત અધિકારીઓની કરાર આધારિત નિમણુંકોથી કોન્ટ્રાક્ટરોને ઘી-કેળા છે. કમલમ કમીશન અને કૌભાંડની ભ્રષ્ટાચારી વ્યવસ્થા સાચવવા વિશેષ નિમણુંકો થઈ રહી છે ત્યારે સિંચાઈ નર્મદા સહિતના વિભાગોમાં કરોડો રૂપિયાના કૌભાંડ-ગેરરીતિની તટસ્થ તપાસની માંગ કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડિયા કન્વીનર અને પ્રવક્તા ડૉ. મનીષ દોશીએ જણાવ્યું હતું કે વલ્લભીપુર બ્રાન્ચ કેનાલ હેઠળના તમામ યુજીપીએલ કામોની સ્વતંત્ર ઉચ્ચસ્તરીય તપાસ તાત્કાલિક શરૂ કરવી. ૧૨૪ KPA અને ૨૪૮ KPA પાઈપોની સ્થળવાર ભૌતિક ચકાસણી અને ટેસ્ટ રિપોર્ટ જાહેર કરવા. સંબંધિત અધિકારીઓને તાત્કાલિક સંવેદનશીલ હોદ્દાથી દૂર કરવા. ૪૭.૭૭ કરોડ તથા ૫૦.૩૩ લાખની વસૂલાત અને જવાબદારી નક્કી કરવી. અધૂરા કામ છતાં સર્ટિફિકેટ આપનાર અધિકારીઓ અને કોન્ટ્રાક્ટર સામે શિસ્તભંગ અને ફોજદારી કાર્યવાહી કરવામાં આવે.

ગુજરાતના ખેડૂતોના હિત અને જાહેર નાણાંનું રક્ષણ કરવું રાજ્ય સરકારની ફરજ છે. ધંધુકા વલ્લભીપુર ૪૦૦ કરોડના સિંચાઈ કૌભાંડ અંગે પારદર્શક તપાસ અને કઠોર કાર્યવાહી કરવામાં આવે.

ડૉ. મનીષ દોશી
કન્વીનર અને પ્રવક્તા,ગુજરાત કોંગ્રેસ
૯૪૨૬૦૦૧૫૯૯